ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*તારીખ-તિથિ વિના હવે ઉત્સવો ઉજવાય છે!*
*હૃદયના ઉમંગ વિના નાટક ભજવાય છે!*
*સચવાય છે સંબંધો, ફર્જ પૂરતા ફૂરસદે -*
*દંભી દેખાડે, મોબાઈલ-ફોટા પણ લજવાય છે!*

### હાઈકુ

*દોડ છે સૌની*
*લક્ષ્ય હેતુ વિહોણી -*
*ફૂર્સદ છે ક્યાં ?*

*સચવાય છે*
*હવે સંબંધ બધા -*
*આલબમમાં...*

### ચિંતન

*નિર્વિકલ્પકમનલ્પમક્ષરં યત્ ક્ષરાક્ષરવિલક્ષણં પરમ્ ।*
*નિત્યમવ્યયસુખં નિરંજન બ્રહ્મ 'તત્વમસિ' ભાવયાત્મનિ ॥*

**ઉપરોક્ત શ્લોક 'ડિવાઈન સંસ્કૃત સુભાષિત' માંથી લેવામાં આવેલ છે.**

**જે નિર્વિકલ્પ, મહાન અને અવિનાશી છે, જે ક્ષર (દેહાદિ) અને અક્ષર (જીવ)થી ભિન્ન છે. જે પર નિત્ય, અવ્યય; આનંદરુપ તેમજ નિર્મળ છે. 'તે બ્રહ્મ તું છે' એમ તું તારામાં ભાવના કર.**

**જીવ-વ્યક્તિ જયારે સમજી જશે કે આ શરીર અને એમાં રહેલો જીવ આત્મા પોતે કે પોતાનાં નથી પરંતુ પરમેશ્વર - પરબ્રહ્મનો 'અંશ' છે. બ્રહ્મ જાતે જ - છે ત્યારે સંસારના તમામ 'દ્વંદ્વ' સંકલ્પ - વિકલ્પથી દૂર થઈ જાય એના આત્મા-જીવ-ચિત્ત મનને પછી કંઈ જ સ્પર્શતું નથી.**

### સુવિચાર

- માણસને પોતાનું મહત્ત્વ લણવું ગમે છે પણ બીજાના મહત્ત્વના બીજની વાવણી કરવી નથી ગમતી. પરિણામે માણસનો હાથ ખાલી જ રહે છે - **ચંદ્રકાન્ત મહેતા**
- સ્મશાનની ચીમનીના નસીબમાં મૃતદેહનો ધુમાડો જ લખાયો છો - **અનિલ આચાર્ય**
- જીવનની વાસ્તવિકતાની ઉપેક્ષા કરનાર વ્યક્તિ જીવનના કે અર્થને કે મૃત્યુના મહિમાને પામી શકતા નથી - **કુમારપાળ દેસાઈ**
- વૈરાગ્ય એક સાહસ છે અને સાહસને માટે માણસના હૃદયનો દૃઢ સંકલ્પ જોઈએ, વૈરાગ્ય ત્યાગ માગે છે અને વ્યક્તિ જેમ અપેક્ષા જેમ અપેક્ષાઓ ઓગળતો જાય છે તેમ એના ભીંતરનો વૈરાગ્ય પ્રગટતો જાય છે - **ઓશો**
- લોકાચાર એટલે લોકોને જોઈને આચરવું, સમ્યકાચાર એટલે વિચારપૂર્વક શું આચરણ - **દાદા ભગવાન**
- ચેતના નથી ત્યાં ચૈતન્ય કયારેય પ્રગટ ન થઈ શકે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ચપટી તલ અને ખડી સાકર ચાવી ચાવીને સવાર-સાંજ ખાવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે

**(સંકલન : દિપક વી આશરા)**

### બોધકથા

થોડા સમય પહેલા બ્રાઝીલના અબજોપતિ ચિંકહો સ્કાર્યા એ ફેસબુક ઉપર જાહેરાત કરી કે તે પોતાની બેંટલી કાર દફનાવી દેશે. તેમણે લખ્યું કે તે પોતાની ત્રણ કરોડની કાર એટલા માટે દફનાવી દેવા માંગે છે કે તે ગુજરી જાય પછી સ્વર્ગમાં કાર હંકારીને જઈ શકે. તેણે ઉમેર્યું કે આ આઈડિયા તેમને ઈજિપ્તના પિરામીડ પરથી આવેલ છે. પોતાના ફેસબુક પેજમાં પોતાના ઘરની પાછળ ખોદેલો મોટો ખાડાનો ફોટો પણ મુકેલો. સ્કાર્યા એ જાહેર કરેલી તારીખે બેંટલી કારની દફનવિધિ માટે મીડિયાને આમંત્રણ આપ્યું. જયારે કારને ખાડામાં ઉતારતા હતા ત્યારે જ સ્કાર્યાએ કારની દફનવિધિ અટકાવવાનો હુકમ કર્યો. અને મીડિયાને સ્પીચ આપતા કહ્યું, 'લોકોએ મને મૂર્ખ ગણ્યો કારણ કે આવી મોંઘી કારને હું દફનાવી રહ્યો હતો પરંતુ હકીકત એ છે લોકો મારી કાર કરતાં પણ મૂલ્યવાન ચીજ છે. લોકો પોતાનું હૃદય, કિડની, લીવર, આંખ વગેરે બધું દફનાવી દે છે. આ નરી મૂર્ખતા છે. કેટલાય દર્દીઓ અંગોના ડોનેશનની રાહ જોઈ રહ્યા છે. જેઓને તમારા અંગદાનથી નવી જિંદગી મળી શકે છે. દુનિયાનો આ સૌથી મોંઘો વેસ્ટ છે. આ અંગોની સરખામણીમાં મારી બેંટલીની કોઈ કિંમત નથી. હું જાહેરતા કરું છું, હું મૃત્યુ બાદ અંગો દાનમાં આપવા તૈયાર છું.' તેણે બેંટલી દફનાવી તો નહીં પણ આ ઈવેન્ટને મોસ્ટ ક્રિએટીવ મીડિયા કેમ્પેઈનનો એવોર્ડ પણ મળ્યો અને બ્રાઝીલમાં આ ઘટના પછી લોકોને અંગદામ માટે પ્રેરણા મળી.

# કાશ્મીર પ્રશ્ને ચીનની આડોડાઈ

શી-જિન-પિંગને ગમે તેટલાં અછોવાના કરીએ, ઝૂલે ઝુલાવીએ કે એમની સાથે જુગજૂના સાંસ્કૃતિક સંબંધો હોવાની આલબેલ પોકારતા રહીએ પરંતુ પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય ચીન અને પાકિસ્તાનનો સંબંધ 'એક દૂજે કે લિયે' જીવતાં પ્રેમીઓ જેવો છે. અલબત્ત, આ પ્રેમ છે તો બેઉના સ્વાર્થથી પ્રેરાયેલો, પરંતુ એ એવી ગાંઠ છે જે છોડવી ચીન જેવી સમર્થ મહાસત્તાને પણ ગમતી નથી. આ સંબંધના પાયામાં બેઉ દેઓની ભારત પ્રત્યેની ઈર્ષા પડેલી છે. ભારત દક્ષિણ એશિયામાં પોતાની હરિફાઈમાં ઊતર્યું છે અને વિશ્વની મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થવા તલસી રહ્યું છે. તે ચીનથી જોયું જતું નથી. પાકિસ્તાન માટે જમ્મુ અને કાશ્મીર એક પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ચૂકેલ છે. મુસ્લિમ બહુમતિ ધરાવતા પ્રદેશને ધર્મ આધારિત બનેલા નવા દેશ સાથે જ જોડાવું જોઈએ એવા ખ્યાલ સાથે પાક નેતાઓ હજાર વર્ષ સુધી ભારત સાથે યુદ્ધ કરવાની પ્રતિજ્ઞાઓ લેતા રહ્યા છે. આવી પ્રતિજ્ઞા લેનાર ઝુલ્ફીકાર અલી ભુટ્ટો ઈંદિરા ગાંધી સાથે કાશ્મીર પ્રશ્ને ત્રીજા દેશની મધ્યસ્થી કે કોઈ પણ પ્રકારનો રોલ નહીં ચાલે એવા શિમલા કરાર પર કરી ગયા છે. પરંતુ દેશની સાથે જમ્મુ-કાશ્મીરને પૂર્ણપણે જોડવા માટેના ભારતના પ્રયાસથી અલગતાવાદી નેતાઓ અને પાકિસ્તાની સરકાર કે આર્મી જ નહીં બલકે ફારુખ અબદુલ્લા, ઓમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફતી સહિતના પૂર્વ મુખ્યમંત્રીઓ પણ ભારત વિરોધી બુમરાણ મચાવી રહ્યા છે. કયારેક કાશ્મીરના દેશ સાથે જોડાણના સમર્થક અને પંડિત જવાહરલાલ નહેરુના મિત્ર શેખ અબદુલ્લા કે જેમને 'શેર કાશ્મીર' ના હુલામણા નામે પ્રજા યાદ કરે છે - એમને પણ પંડિત નહેરુએ નજરકેદમાં રાખ્યા હતા. આજની કાશ્મીરની પરિસ્થિતિ એવી વિચિત્ર છે કે નથી લોકમત લઈ શકાતો કે નથી સ્થાનિક નેતાઓને વિશ્વાસમાં લઈ ૩૭૦ અને ૩૫-એ ના નિર્ણય પર એમનું સમર્થન મેળવી શકાતું. આ મુદ્દે પાકિસ્તાન ભુરાટું થઈને યુનાઈટેડ નેશન્સમાં ગયું છે. જયાં બંધબારણે મળેલ બેઠકમાં ચીને પાકનું સમર્થન કર્યું છે. ભારત સાથે વીટો ધરાવતી એક જ મહાસત્તા - રશિયા ખુલ્લા સમર્થનમાં છે. અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ તટસ્થ રહ્યાં છે. યુનો ખાતે ભારતના પ્રતિનિધિ અકબરુદ્દીને જણાવ્યું છે તેમ બેઉ દેશોને નિષ્ફળતા ળી છે. પરંતુ એનો અર્થ એવો હરગિજ નથી કે ભારતે લીધેલ પગલાંને પાછાં ભરવાની જરૂર પડે. ચીન તો હરહંમેશ પાકની પડખે જ રહેતું આવ્યું છે અને રહેશે. ભારતે એ કઠોર વાસ્તવ સ્વીકારીને અને જરૂર પડે તો ચીન અને પાકિસ્તાન સામે ખાંડાં ખડવાવવાની પણ તૈયારી રાખીને જ ૩૭૦મી કલમનો ઘડોલાડવો કર્યો છે. યુદ્ધ થાય તો ભારતીય સેના સીધી જ પીઓકે પર ત્રાટકી એને હસ્તગત કરી શકે એમ છે. આંતરરાષ્ટ્રીય અભિપ્રાય મુજબ લાઈન ઓફ કંટ્રોલને કાયમી વિભાજનરેખા માની લેવા ભારત કયારેય તૈયાર થયેલ નથી અને બીજું કોઈ તો થાય પણ મોદી તો કયારેય નહીં થાય. જમ્મુ કાશ્મીરની વાત કરીએ છીએ ત્યારે પીઓકેનો એમાં સમાવેશ થઈ જાય છે - એવી ખોંખારીને વાત કરનારા ગૃહમંત્રી કે પોખરણમાં જઈ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો અંજલી આપવાના બહાને પહેલા ન્યુક્લિયર હુમલા વિશેની પ્રસ્થાવિત પૉલિસીમાં જરૂર પડ્યે ફેરફાર કરવાની તૈયારી દાખવવાની વાત કરનાર સંરક્ષણમંત્રી હવે વડાપ્રધાન મોદીના મનની વાત કરે છે. બેસ્ટ ઑફ લક મિ. પ્રાઈમ મિનિસ્ટર.

*તંત્રીસ્થાનેથી...*

# અભ્યાસ વિદ્યા તાજી રાખે



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

ખંડ ખંડ વિચાર એટલે જીવનનું એકાદ પાસું લક્ષમાં લઈ તેના ઉપર કરેલો વિચાર. અને અખંડ વિચાર એટલે સમગ્ર જીવનના બધાં જ પાસાંઓના વિચાર. જેમનાં નામ ઈતિહાસમાં અમર થઈ ગયા. એમણે જીવનનો સમગ્રતામાં વિચાર કર્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણે પૂર્ણ જીવનનો સ્વીકાર કર્યો હતો. નંદ-યશોદા સાથે, ગોપીઓ સાથે, રાજા કંસ સાથે, દ્વારકાધીશની સ્થિતિએ મહાભારતના યુદ્ધણાં દુર્યોધન સાથેની સુલેહની વિશિષ્ટમાં કે ગીતાના તત્ત્વજ્ઞાનનો જ સ્વીકાર કર્યો હતો. એ રીતે જ એ આખું જીવન જીવ્યા. માટે જ જીવનને સમ્યગ્ રીતે જાણવા અને માણસવા તેનો સમગ્રતામાં જ સ્વીકાર કરો. કેમ કે સુખ અને દુઃખ, તડકો અને છાંયડો, જન્મ અને મૃત્યુ સાથે જ હોય છે. આવો સ્વીકાર તમને વિદ્યાથી મળે છે. વિદ્યા એટલે જ જીવનનો સમગ્રપણે સ્વીકાર અને તેવી સમજણ. જીવનના તમામ પાસા સંતુલિન રહે તે રીતે જીવવું એ જ વિદ્યાભ્યાસ.

માણસના જીવનમાં શરીર, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ અને હૃદય આટલાં તત્ત્વો વડે જાણી શકાય છે. સ્થૂળ શરીર વડે કામ થાય છે. ઈંદ્રિયો વડે જાણી શકાય છે. વિચારનું ઉપકરણ છે મન, તો નિર્ણય કરે છે બુદ્ધિ અને લાગણીનું કેન્દ્ર છે હૃદય. હૃદય એ માત્ર લોહીનું પંપીગ કરે છે. એટલું જ કામ તેનું નથી, પણ આ તમામની પાછળ એક અખંડ સત્તા ચેતનાની છે. જેની ધારા આ તમામ અંગોમાં વહે છે. તેથી જ આ બધાં કામ કરે છે. આમ આ તમામ ઉપકરણોની મૂળ સત્તા તો ચેતના છે. આ તમામ અંગોને, તેમનાં કાર્યોને પૂરેપૂરો ઓળખીને, તેને સંતુલિન રાખવાની અવસ્થાને 'વિદ્યા' કહેવાય છે.

ડૉકટરો કહે છે કે માણસ પોતાના શરીરને હજુ સુધી પૂરેપૂરું જાણી શક્યો નથી. માત્ર આંખની આસપાસના બે ઈંચના વ્યાસમાં સાત જ્ઞાનતંતુઓ કામ કરે છે. તેના વડે પ્રાણી જોઈ શકે છે. એવી જ રીતે પ્રત્યેગ અંગનું કાર્ય અને વૈશિષ્ઠ્ય છે. આ તમામ ઈંદ્રિયોની અને તેની કામગીરીની જાણકારીને 'વિજ્ઞાન' તથા ચૈતન્યની જાણકારીને 'જ્ઞાન' કહેવાય છે. આ બંને જાણકારી આવશ્યક છે. તેથી જ ભગવદ્ ગીતા જ્ઞાન અને વિજ્ઞાન એ બંનેને જાણી લેવાનું કહે છે.

વિદ્યા વડે જીવનનાં બધાં જ પાસાંઓને પૂરેપૂરાં જાણી લો અને તેને વિકસાવો. અભ્યાસથી વિદ્યાને જાણો અને અધ્યાત્મથી વિકસાવો, અને તેને અનુભવો. આ અનુભવ એટલે જીવનમાં અનુભવવું તે, જીવવું તે. ભગવાન બુદ્ધ કહે છે કે ; 'આત્મા અજર છે અમર છે. તેવું જાણ્યું ત્યારે જ કહેવાય જયારે માણસમાં ભય નહોત. વસ્તુનું મૂળભૂત જ્ઞાન હોય તો ભય શાનો હોય ? ધ્યાન એ આત્માને પામવા માટેની રોજે રોજ કરવાની પ્રક્રિયા છે. તેનો સતત અભ્યાસ કરવાનો છે. એ અભ્યાસને શાસ્ત્રો 'તપ' કહે છે. ગાંધીજી ૮૦ વર્ષની ઉંમરે નવું શીખવા તત્પર રહેતા. વિનોબાજી ૭૦ વર્ષે નવી ભાષા શીખ્યા હતા. પંડિત રવિશંકર ૭૫ વર્ષની ઉંમરે પણ મનને ડોલાવે તેવી, તાઝગીભરી સિતાર કેમ બજાવી શકે છે ?'

કારણ તે રોજ નિયમિત છ કલાક રિયાઝ કરે છે. 'નિરંતર અભ્યાસ કરવાથી વિદ્યાનું રક્ષણ થાય છે. તે દૃઢ થાય છે. સદાચારના રક્ષણથી કુળનું નામ ઉજ્જવળ થાય છે. ગુણોને ધારણ કરવાથી શ્રેષ્ઠતાનો પરિચય મળે છે અને નેત્રોમાં પ્રગટતી વિકૃતિથી ક્રોધની માત્રાની જાણકારી મળે છે.'

માણસના કુળની પરિક્ષા સંપત્તિ, સત્તા કે બળથી નહિ પણ શીલથી કરવી. જો શીલ નબળું હોય એટલે કે જયાં કપટ, ચોરી, છેતરપીંડી, ભ્રષ્ટાચાર, પરસ્ત્રીગમન થતાં હોય તેને નબળું શીલ ગણવું. શીલ એટલે શ્રેષ્ઠ આચરણ. સંત, મહંત કહેતા કે યુવાન પતિ-પત્ની સૌ પ્રથમ વહેલી સવારે ઉઠે ત્યારે દાદા-દાદી, માતા-પિતા અને વડીલોને નમસ્કાર કરે, પછી દિવસના કામનો પ્રારંભ કરે. પછી સાધુ, સંત અને અતિથિનો સત્કાર કરી વૃદ્ધ-દાદા-દાદી, માતા-પિતા અને વડીલોને ભોજન આપી. પોતાનાં બાળકોને જમાડે, પછી પોતે જમે. કુળની પાછળ ખાનદાની કહેવાય છે. માણસ મનથી પણ શાંત છે કે નહિ તેની ખબર તેની આંખો જોવાથી પડે છે. કેમ કે અશાંત માણસની આંખ લાલ હોય છે.

# જુનાગઢમાં યોજાયો સાહિત્યનો મહાકુંભ જ્ઞાનયજ્ઞ : સાહિત્યોત્સવ

સાહિત્યોત્સવ
ભાષા અને સંસ્કૃતિનો અનેરો ઉત્સવ



**મોરપીંછના રંગ**

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા પાંચ સાત વર્ષથી ગુજરાતી સાહિત્યની દશા અને દિશા બદલાઈ રહ્યા છે. સાહિત્યતત્ત્વ અને મૂલ્યની વિભાવના, સર્જન અને પ્રચલનની પ્રયુક્તિઓ, બધુ બદલાઈ રહ્યું છે. જેને કારણે એક રીતે જોઈએ તો આ સમય સાહિત્યની અફરાતફરીનો છે. પરિવર્તનનો છે. સોશિયલ મીડિયાનો સાહિત્યના સર્જન અને વિસર્જન ઉપર ખૂબ મોટો પ્રભાવ પડ્યો છે. પરિણામે આજે સાહિત્યતત્ત્વની સાચી ઓળખ કદાચ ગાયબ થઈ રહી છે. આજે ચારેતરફ સાહિત્યના નામે જે બધું ચાલી રહ્યું છે, ચમકી રહ્યું છે તે માત્ર આગિયાના ચમકારા જેવું જ છે. એ દીવાનો પ્રકાશ નથી, સાચા સર્જકે દીવો બનવાનું હોય છે, પોતાનો સ્વયં પ્રકાશ પાડવાનો હોય છે. કોઈને રાહ ચીંધવાની હોય છે. અને આ નવસર્જકો માટે આગિયામાંથી દીવો બનવાની એક ભવ્ય ઘટના જુનાગઢ મુકામે તારીખ ૧૦,૧૧,૧૨ ઓગસ્ટ ના રોજ બની ગઈ.

હજી હમણાં જ અમદાવાદમાં ''તોફાની તાંડવ'' દ્વારા મેરેથોન કવિ સંમેલન યોજાયેલું, જેમાં નામી અને નવોદિતોને એક સાથે મંચ આપીને કવિતાતત્ત્વને સમજવાનો, ઘડવાનો એક અવસર આપવામાં આવેલો. એ જ રીતે જુનાગઢ મુકામે સુરત નિવાસી શ્રી મેહુલ પટેલ અને નીતા સોજીત્રા તથા તેમની ટીમે સખત મહેનત કરીને સાહિત્યજગતનો મહાકુંભ જુનાગઢ મુકામે યોજ્યો હતો. આ આખા ઉત્સવ ની જાહેરાતો, ડિઝાઈન, એનું માર્કેટિંગ બધું એક કોર્પોરેટ કંપની જેવી બ્રાન્ડ બનાવીને લગભગ વીસેક લાખ રૂપિયાનો ખર્ચ કરીને, સાહિત્યનો ભવ્ય મંચ તૈયાર કરવામાં આવ્યો હતો. અને આશ્ચર્ય એ વાતનું છે કે એ મંચ ઉપર પોતે કે પોતાના લોકોને બેસાડી દેવાને બદલે ગુજરાતભરના નવા સર્જકો માટે ખુલ્લો મુકી દેવો એ કાંઈ નાની સુની વાત નથી. આજે આપણે જોઈએ છીએ કે આવા સાહિત્યિક પ્રોગ્રામોના આયોજકો - સ્પોન્સર બીજા ધનપતિઓ હોવા છતાંય પ્રોગ્રામમાં પોતાને લાગતા વળગતાને મંચ પર ચડાવી દેતા હોય છે. ત્યારે અહીં આયોજકશ્રીઓએ ગુજરાતી ભાષાના તમામ ક્ષેત્રોમાંથી પસંદ કરીને નામી-નવોદિત કવિઓ, લેખકો, સંગીતકારો, ફિલ્મકારો, નૃત્યકારો, ફોટોગ્રાફરો, પત્રકારો, લોકસર્જકોને ભેગા કરીને મહાકુંભ યોજ્યો હતો. જો કે વરસાદે આ મહાકુંભને થવો જોઈએ તેટલો સફળ થવા દીધો નહોતો. તા. આઠથી સતત શરું થયેલો વરસાદ ત્રણયે દિવસ વરસીને ઘણા સર્જકોને રસ્તે જ રોકી રાખ્યા હતા. કોઈ રાજકોટ તો કોઈ અમદાવાદ કે વડૉદરામાં જ ફસાઈ ગયા હતા. ત્રણ દિવસના આ મહાકુંભના અડધા ઉપરથી વધારે વક્તાઓ, કલાકારો આ મેળામાં નહોતા પહોંચી શક્યા આમ છતાંય આયોજકોએ હિંમતભેર સફળતાથી આખો જ્ઞાનયજ્ઞ પરિપૂર્ણ કર્યો હતો. આ સાહિત્યિક ઉત્સવ સંદર્ભે સોશિયલ મીડિયા ઉપર કેટલીક એવી ચર્ચા થયેલી કે આમાં વક્તા કે વિદ્વાનોની પસંદગી યોગ્ય રીતે નથી થઈ. કેમ કે હજી જેઓ સાહિત્ય ક્ષેત્રે કે કલા ક્ષેત્રે સાવ નવા છે અનુભવહિન છે. એવાં નવોદિતોને મંચ પર સ્થાન આપીને એમનાથી વિદ્વાન લોકોને નીચે બેસવાનું ? એમને સાંભળવાના ? એક રીતે વિચારીએ તો આવો વિચાર કરનારની વાત સાચી લાગે પણ બીજી રીતે વિચારીએ તો આ ૨૧મી સદી છે. અને વિશ્વમાં ભારત સૌથી યુવાન દેશ છે. હવે યુવાનોને આગળ લાવવાના છે. અને આપણું સાહિત્યજગત આ બાબતે સાવ સ્વાર્થી છે. આપણા કરતા તો ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ખૂબ સારી છે કે એ લોકો વાર્ષિક એવોર્ડના ભવ્યાતિભવ્ય સમારોહનું સંચાલન યુવાનોને સોંપે છે. યુવાનોને હાથે એવોર્ડ્સનું વિતરણ કરાવે છે. અમિતાભ બચ્ચનનું સન્માન રણબીરસિંગ કે દીપિકાના હાથે થાય, ડાન્સ, કૉમેડી, રોમાન્સ, એવોર્ડ્સ વિતરણ અને સમગ્ર સંચાલન યુવા કલાકારો કરે, એ લોકો મંચ ઉપર આવીને બોલે અને નીચે ઓડિયન્સમાં પીઢ અનુભવી કલાકારો એમને સાંભળી પ્રોત્સાહિત કરતા હોય તો આપણા સાહિત્યમાં કેમ નહીં ? શ્રી રઘુવીર ચૌધરી કે માધવ રામાનુજનું કે ચન્દ્રકાંત શેઠનું સન્માન ભાવેશ ભટ્ટ કે અનિલ ચાવડા કે રામ મોરીના હાથે કેમ ના કરી શકાય ? પણ આપણું સાહિત્ય વૃદ્ધાવસ્થાને જ વરેલું છે. માથે સફેદ વાળ આવી જાય, મોંમાં એકેય દાંત ના રહે, હાથમાં લાકડી વિના ચાલી ના શકે ત્યારે જ એને વરિષ્ઠ સાહિત્યકાર ગણી મંચ ઉપર બોલાવાય એવું માનવાવાળો વર્ગ ખૂબ મોટો છે. પણ અહીં સાહિત્યોત્સવમાં નવસર્જકોને અપાયેલું મંચ પરનું સ્થાન સારી પહેલ છે. ઘણીવખત શિખાઉં સર્જકો પાસેથી પણ જિંદગીભર ના શિખ્યા હોય એવું શિખવાનું મળતું હોય છે. જ્ઞાન આપવા માટે વૃદ્ધ હોવું જરૂરી નથી. અગાઉનું ગ્રંથો પર આધારિત હતું તો આજે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર આધારિત છે. બન્નેનું પોતપોતાના સમયમાં મહત્વ હોય છે.

ઘરમાં બેસીને કે સોશિયલ મીડિયા પર કોઈની ટીકા કરવી, આવા સાહિત્યિક સમારંભોનો વિરોધ કરવો સહેલો છે. પણ એકવાર ૨૦ લાખ રૂપિયાના ખર્ચવાળો કાર્યક્રમ યોજવાનો વિચાર તો કરવો જોઈએ. આ મહાયજ્ઞના આયોજક શ્રી મેહુલ પટેલને અભિનંદન એ માટે આપવા જોઈએ કે આવા વરસાદી વિઘ્નો સામે પણ લડીને સાહિત્યોત્સવ પૂર્ણ કર્યો. બધા સેશન આયોજિત કર્યા. જે વક્તાઓ કે કવિઓ કે કલાકારો આગલે દિવસે પહોંચી ગયેલા તેઓ અને પાછળથી વરસાદની સાથે લડીને પણ જુનાગઢ પહોંચ્યા તેઓ બધાએ મળીને આ સાહિત્યોત્સવને સફળ બનાવ્યો.

આ સાહિત્યની પ્રવૃત્તિ છે. અને વળી નવસર્જકો માટેની નિઃશૂલ્ક પ્રવૃત્તિ હતી. અહીં આવનાર નવકવિઓ કે નવસર્જકોમાંથી પાંચ દસ પણ ભવિષ્યમાં સારા કવિઓ. લેખકો બનશે તો પણ આ આખું આયોજન અને સૌની મહેનત સફળ ગણાશે. આયોજકોનું આ અદમ્ય સાહસ બતાવે છે કે ઘણા સાહિત્યકાર મિત્રોને આ આયોજન નહીં ગમ્યું હોય. ઘણી રીતે એની ટીકા, વિરોધ કરવાનો પ્રયાસ કર્યો છે. પણ વિરોધ કરવાવાળા એકવાર આવો કાર્યક્રમ યોજી બતાવે, અને આમાં વિરોધ કરવા જેવું બીજુંછે પણ શું? નવસર્જકોને અહીંથી સાહિત્ય અને કલાના તમામ ક્ષેત્રની સાચી સમજણ અને જ્ઞાન મળ્યું છે, જે જ્ઞાન કે શિક્ષણ કદાચ કૉલેજ કે યુનિવર્સિટીઓના આખા વર્ષ દરમિયાન નથી મળવાનું. જે અહીં માત્ર ત્રણ દિવસમાં મળ્યું હશે.. આવું વિશાળ અને ભવ્ય પ્લેટફોર્મ ગુજરાતની કંઈ સાહિત્યિક સંસ્થાઓએ ઊભૂં કર્યુ છે ? જે સાહિત્યિક સંસ્થાઓની લાખો – કરોડો રૂપિયાની ગ્રાન્ટો છે. સંપતિ છે. મિલકત છે, એવી વર્ષોથી ચાલનારી સાહિત્યિક સંસ્થાઓ પણ એકબીજાની સામે તું તું - મેં મેં કરવામાંથી ઊંચી આવતી નથી ત્યારે આવા વિશાળ સાહિત્યોત્સવને બિરદાવવો એ આપણા સૌની ફરજ છે. કેમ કે જેઓ આવતીકાલના સર્જકો છે તેવા ગુજરાતભરના નવસર્જકો એક સાથે એક જગ્યાએ ત્રણ ત્રણ દિવસ સુધી સાહિત્યિક ગોષ્ઠી કરે, સાહિત્યના સત્ત્વ અને તત્ત્વનું રસપાન કરે તેવી ઘટના ગુજરાતમાં ભાગ્યે જ બનતી હોય છે.

આજે લાખો કરોડોની ગ્રાન્ટ ધરાવતી કૉલેજો, સંસ્થાઓ, યુનિવર્સિટીઓ સાહિત્યિક સેમિનારોમાં, પરિસંવાદોમાં, સાહિત્ય અકાદમીની ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય લે છે અને છતાંય એમાં પેપર પ્રેઝન્ટેશનના નામે વિદ્યાર્થિઓ અને નવા અધ્યાપકો પાસેથી રજિસ્ટ્રેશનના પેઠે હજાર, પંદરસો રૂપિયા ઉઘરાવે છે. ત્યારે અહીં આ ત્રણ દિવસના તમામ કાર્યક્રમોમાં કોઈ ફ્રી રાખવામાં આવી નહોતી. રહેવા જમવાની વ્યવસ્થા સૌ એ જાતે કરી, આયોજકોએ આ અંગે પણ નવકવિઓ ખોટી રીતે છેતરાય નહીં એટલે પ્રેરણાધામ ખાતે જ ત્યાંના આશ્રમધામના આગેવાનોને મળીને સસ્તી અને સારી વ્યવસ્થા સૌને મળે એનો પણ બંદોબસ્ત કર્યો હતો. અને સીધા સંપર્ક માટેના મોબાઈલ નંબર પણ જાહેર કર્યા હતા.

આ સાહિત્યોત્સવનું ભવ્ય આયોજન એ દર્શાવે છે કે કોઈનો સમય એક સરખો રહેતો નથી. જે સૂર્ય ઊગે છે, મસ્તક પર આવે છે એને એક વખત

અનુસંધાન પાના નં ૭ પર

# ઓનલાઈન મનોરંજન : ઈસમેં ડ્રામા હૈ, કોમેડી હૈ, એક્શન હૈ , રોમાન્સ હૈ !!!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

અક્ષયકુમારની મંગળની વાત અને સ્ત્રી શશ્ક્તીકરણની હીટ વાર્તા કહેતી 'મિશન મંગલ' થીયેટરોમાં સડસડાટ ચાલી રહી છે . ૩૨ કરોડમાં જ બનેલી આ ફિલ્મે પહેલા જ દિવસે જ ૩૦ કરોડનું કલેકશન કરી લીધું છે અને પહેલા દિવસના કલેકશનના આંકડા અને રિવ્યુઝ જોતા એક વાત તો નક્કી છે કે ભારતની મનોરંજનપ્રેમી જનતાને આ સ્પેસ ફિલ્મ યા તો એમ કહો ને કે સાઈ-ફાઈ મુવી ગમી ગયું છે . કોઈ પણ એક ફિલ્મ કે એની વાર્તા હીટ થાય એટલે આપણે ત્યાં એના જેવી કે એવી જ વાર્તાઓ બનવાની ચાલુ થઈ જાય છે એટલે મંગળના આ મસ્ત મિશનની વાત પરથી હવે સોપ ઓપેરા ક્વીન એકતા કપૂરે પણ એક વેબ સીરીઝ 'એમઓએમ' (મિશન ઓવર માર્શ) ની જાહેરાત કરી દીધી છે . એના ટીઝર મુજબ તો ફિલ્મની જેમ જ આ વેબ સીરીઝમાં પણ ચાર સ્ત્રી વૈજ્ઞાનિકોની જ વાત હોય એવું લાગે છે. બાલાજીના જ ઓલ્ટ બાલાજી ડીજીટલ પ્લેટફોર્મ પર સ્ટ્રીમીંગ થનારી આ વેબસીરીઝ અક્ષયના મિશન મંગલ જેટલી સક્સેસફૂલ થાય છે કે નહિ એ તો સમય જ કહેશે પણ ડીજીટલ પ્લેટફોર્મનું આ માધ્યમ હવે હરણફાળ ભરી રહ્યું છે એ નક્કી છે અને એનું એક તાજું જ ઉદાહરણ છે 'સેક્રેડ ગેમ્સ – સીરીઝ ૨'નું ધમાકેદાર, દર્શકોમાં ઉત્સુકતા જગાડનારૂ અને ઉત્સાહપૂર્વકનું ઓપનીંગ ..!! ધમાકેદાર એટલા માટે કહી શકાય કે ડીજીટલ પ્લેટફોર્મ પર બનેલી અત્યાર સુધીની બધી જ સિરીઝોમાં આ સૌથી ખર્ચાળ છે એવું કહેવાય છે. મીડિયા રીપોર્ટ મુજબ સેક્રેડ ગેમ્સ-૨ પાછળ અધધધ કહી શકાય એટલો ૧૦૦ કરોડનો ખર્ચ નેટફ્લીક્સે કર્યો છે , આટલા ફદીયામાં તો ત્રણ મિશન મંગલ બની જાય પણ ના, ડીજીટલ માધ્યમની આ હીટ સીરીઝના નિર્માણમાં કોઈ કચાસ નથી રાખવામાં આવી.

લગભગ ૩૫૦૦ લોકોના કાફલા સાથે સેક્રેડ ગેમ્સ-૨ ને પંદર જેટલા દેશ-વિદેશના લોકેશનો પર શૂટ કરાઈ છે . જેમાં મુંબઈ , દિલ્હી જેવા દેશી અને નૈરોબી, કેપટાઉન અને જોહનિસબર્ગ જેવા વિદેશી લોકેશનો પણ સામેલ છે . આ પાંચ શહેરના ૧૧૦લોકેશનોપર લગભગ ૧૧૦દિવસના શુટિંગ કરીને ૪૦૦મીનીટની આ વેબ્સીરીઝ બની છે. સેક્રેડ ગેમ્સ-૧ ની અપાર સફળતા પછી નિર્માતા અને દર્શકોનેપણ સીરીઝ-૨ પર ખુબ જ ઉત્સુકતા છે. જોકેપહેલોએપિસોડ ૧૫ ઓગસ્ટે રીલીઝ થઈ ચુક્યોછેઅનેપ્રતિભાવોમિશ્ર છેપણ વેબ સીરીઝોમાંથાય છેશુંકેએ ધીમે ધીમે જ જામવાની. જેમ જેમ વાર્તા અન્ફોલ્ડ થાય એમ એમ ..!!

ખેર વાત અહી સેક્રેડ ગેમ્સ કે ત્રિવેદી બચેગા કી નહિ એની નથી કરવાની પણ મનોરંજનના આ નવા માધ્યમે ભરેલા મોટા ડગલા પર કરવાની છે . આ જ જગ્યાએ લગભગ છએક મહિના પહેલા ડીજીટલ પ્લેટફોર્મ પર લખ્યું ત્યારે એ અંદાજ પણ આપવામાં આવેલો કે મનોરંજનનું આ નવીન માધ્યમ દુનિયાભરમાં એક નવી જ દિશાઓ ખોલવાનું છે અને થયું છે પણ એવું જ . સેક્રેડ ગેમ્સ-૨ નો જ દાખલો લ્યો ને. જેવી ૧૫ ઓગષ્ટે સીઝન ૨ નો પહેલો એપિસોડ સ્ટ્રીમ થયો કે સોશિયલ મીડિયામાં ચારેકોર 'વી આર વોચીંગ' કે 'આઈ એમ વોચીંગ સેક્રેડ ગેમ્સ-૨' જેવા સ્ટેટ્સ - હેશટેગ અને પોસ્ટો છવાઈ ગઈ. કેમ જાણે લોકો એની આતુરતાથી રાહ જોતા હતા અને કદાચ આ જ કારણ છે કે સેક્રેડ ગેમ્સ-૨ ના નિર્માતાઓએ ૧૦૦ કરોડનો દાવ લગાવ્યો છે. વાત ખાલી નેટફ્લીક્સની નથી પણ ભારતીય વેબસીરીઝ જગતમાં એના સિવાય પણ એમેઝોન, અલ્ટ બાલાજી . જેવા બીજા નામો પણ સામેલ છે અને બધા પ્લેટફોર્મ પર કઈ ને કઈ રોચક, મનોરંજક ચાલી જ રહ્યું છે.

સેક્રેડ ગેમ્સ-૨ જેવું જ એમેઝોન પ્રાઈમ વિડીયોની સીરીઝ 'મિરઝાપુર' માટે કહી શકાય. પંકજ ત્રિપાઠી અને દીવ્યેંદુની દમદાર એક્ટિંગવાળી આ વેબસિરીઝે એમેઝોનને લાઈટમાં લાવી દીધેલું. જેમ સેક્રેડ ગેમ્સ – ૧ થી સૈફઅલી ખાનની ડૂબતી કેરિયરને નવજીવન મળ્યું એમ જ મિરઝાપુરથી પ્રાઈમ વિડીયો વધુ ફેમસ થયો. એવું નથી કે આ ઓનલાઈન પ્લેટફોર્મ પર ખાલી સીરીઝો જ સ્ટ્રીમ થાય છે, એમ તો મુવીઝ. ન્યુઝ અને બીજું પણ ઘણું બંધુ સ્ટ્રીમ થયા જ કરે છે પણ લાંબી સીરીયલો જોવાની કડાકુટોમાંથી બચાવતી આ નાની-નાની (૮ થી ૧૨ એપિસોડ ઓન્લી) સીરીઝોએ મનોરંજન માંગતા લોકોનું દિલ જીતી લીધું છે એમાં ના નહી . અને સેક્રેડ ગેમ્સ કે મિરઝાપુર જેવી બીજી ઘણી બધી વેબ સિરીઝની સફળતા અને આ ડીજીટલ પ્લેટફોર્મની તાકાત જુવો કે કરણ જોહર જેવા બોલીવુડના મોટા ફિલ્મ સર્જકો પણ હવે આ ડીજીટલ દુનિયામાં કદમ માંડવા તૈયાર છે. જી હા કરણે લેખક અમીશ ત્રિપાઠીની શંકર ભગવાન પરની મશહુર પુસ્તક સીરીઝ 'શિવા ટ્રાયોલોજી' ના રાઈટ ખરીદી લીધા છે અને સંભળાય છે કે હવે એ એના પરથી એક ભવ્ય વેબ સીરીઝનું નિર્માણ કરવાનો છે . જો કે આ કન્ટેન્ટ જ એવું છે કે બધાને પોતાની ચોઈસ મુજબ જોવા મળી જાય . આમાં ડ્રામ, એક્શન, કોમેડી, રોમાન્સ, ધર્મ બધું જ છે હજુ સુધી સેન્સરની પકડથી દુર હોવાને લીધે ડીજીટલ પ્લેટફોર્મ વિવાદોમાં પણ સપડાય તો જાય છે જ પણ ધીરે ધીરે પોતાની જવાબદારી સમજીને સારા શોઝ વડે મનોરંજનના એક મજબુત માધ્યમ તરીકે પણ ઉપસી રહ્યું છે .

આવો થોડી આગામી અને કરંટ વેબસીરીઝો પર નજર નાખીએ જે કદાચ તમને ને મને જોવી ગમશે. સૈફ - નાવાઝુદીન - પંકજ ત્રિપાઠી જેવા કલાકારોવાળી સેક્રેડ ગેમ્સ-૨ વિષે આગળ વાત તો કરી જ દીધી પણ ભલામણ છે કે જો સીરીઝ-૨ જોવાના હોવ તો પહેલા સીરીઝ-૧ જોઈ લેજો જેથી રેફરન્સ જળવાઈ રહે . સેક્રેડ ગેમ્સ જેવી જ એક રીકમાન્ડેડેડ સીરીઝ છે મિરઝાપુર કે જેના વિષે પણ આગળ વાત થઈ ચુકી છે. બીલાલ સિદીકી ની બેસ્ટ સેલિંગ બુક પર આધારિત અને ચાર ભારતીય ખુફિયા અધિકારીઓની વાત કહેતી સીરીઝ 'બાર્ડ ઓફ બ્લડ' સપ્ટેમ્બરમાં સ્ટ્રીમ થશે જેમાં પહેલીવાર ઈમરાન હાશમી ડીજીટલ પ્લેટફોર્મમાં ડેબ્યુ કરશે આ ઉપરાંત બોલીવુડ નાયિકા કીર્તિ કુલ્હારી પણ દેખાશે . બાહુબલી ફિલ્મ તરીકે તો સુપરહીટ થઈ જ છે પણ નેટફ્લીક્સ ની સીરીઝ 'બાહુબલી : બીફોર ધ બીગીનીંગ' માં ફિલ્મ કરતા પણ ૭૫ વર્ષ પહેલાની વાર્તા કહેવામાં આવી છે, આનંદ નીલાકાંત ની નોવેલ 'ધ રાઈઝ ઓફ શીવાગામી' પર બેઝ્ડ હોવાથી દર્શકોને માહિષ્મતી સામ્રાજ્ય કેમ બન્યું અને શીવાગામી ની લાઈફ વિષે જાણવા મળશે. અક્ષયની ફિલ્મ 'રુસ્તમ' તો આવી ગઈ અને હીટ પણ થઈ ગઈ, એ જ વાર્તા પરથી અલ્ટ બાલાજી પર ' ધ વર્ડીકટ : સ્ટેટ વર્સીસ નાણાવટી' આવશે . ૩૦ ઓગષ્ટે નાના પડદાની ક્વીન દિવ્યાંકા ત્રિપાઠી 'કોલ્ડ લસ્સી ચીકન મસાલા' નામની રોમેન્ટિક કોમેડીમાં દેખાશે . અલ્ટ બાલાજી પર જ ઉભરતા કલાકાર વિક્રાંત મેસી ની 'બ્રોકન બટ બ્યુટીફૂલ' ની સીઝન ૨ આવશે. તો અલ્ટ બાલાજી પર જ 'મેન્ટલહુડ' સીરીઝ દ્વારા કરિશ્મા કપૂર ડેબ્યુ કરશે. મિરઝાપુર-૨ તો લાઈનમાં છે જ પણ એમેઝોન પ્રાઈમ પર ક્રિકેટના કૌભાંડો પર બનેલી 'ઈનસાઈડ એજ' નો બીજો ભાગ પણ આવી રહ્યો છે તો બ્રિધ ની સીઝન ૨ માં અભિષેક બચ્ચન દેખાશે. નાના પરદા અને ગુપચુપ શરૂઆત કરીને આ ઓનલાઈન માધ્યમ હવે વધુ વિશાળ, ભવ્ય, સશક્ત અને લોકપ્રિય બની ગયું છે કેમકે આ લોકભોગ્ય વાતો, ઈઝી અવેલીબીલીટી અને ડીફરન્ટ કન્ટેન્ટ ને લીધે દર્શકોમાં ફટાફટ ડાઉનલોડ થઈ રહ્યું છે.